Extra No. 291

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, AUGUST 14, 2025 / SRAVANA 23, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) મુજબનો ::

No: KHD/MAG/e-file/450/2025/2249/MAG BRANCH.-ખેડા ધોળકા રોડ કિ.મી.૩૬/૬૦૦ થી ૫૩/૨૦૦ પર રસીકપુરા ગામ ખાતે સાબરમતી નદી પર આવેલ બ્રીજના રીપેરીંગની કામગીરી હાલમાં ચાલુ હોય, જેથી તકેદારીના ભાગરૂપે સદર બ્રીજ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે બંધ કરી સદર વાહનોના ટ્રાફિકને અન્ય વૈકલ્પિક માર્ગ ઉપર ડાયવર્ટ કરવો હિતાવહ હોય, જેથી તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓ તા.૨૩/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/ ૧૯૭૧/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક: એલઆઈબી / જાહેરનામું / રસીકપુરા / ૯૯૯ / ૨૦૨૫, તા.૨૯/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે:

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૩૧/૦૭/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) <u>વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો</u>:-

- ધોળકા થી રસીકપુરા ગામ પાસે સાબરમતી નદી ઉપર આવેલ જુના રોડ બ્રીજ થઈ ખેડા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

- ધોળકા થી રસીકપુરા ગામ પાસે સાબરમતી નદી ઉપર આવેલ જૂના રોડ બ્રીજની બાજુમાં આવેલ નવા રોડ બ્રીજ થઈ ખેડા તરફ વાહન વ્યવહાર જઈ શકશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ *બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીયાદ તા. ૩૧/૦૭/૨૦૨૫

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.10 10:33:47 IST